

સ્વાતંત્ર્ય દિન - દેશના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ગાંધીનગર શહેરમાં ભારે ઉલ્લાસપૂર્વક થઈ હતી. સેક્ટર-૧૧ રામકથા મેદાન ખાતે તાલુકા કક્ષાનો ધ્વજવંદન સમારોહ આન-બાન-શાન સાથે યોજાયો હતો. પોલીસ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું. **(તસવીર : દિપક જાની)**

# ઓપન એર થિયેટરના મામલે વિભાગ કક્ષાએ બે દરખાસ્ત પેન્ડીંગ

## થિયેટર લગ્ન માટે ભાડે આપવા તેમજ ભાડાનો દર ઘટાડવાની દરખાસ્ત અંગે કોઈ નિર્ણય લેવાતો નથી

ગાંધીનગર, તા. ૧૮

ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટર છેલ્લા ત્રણ વર્ષથી બિનઉપયોગી અવસ્થામાં ખંડેર બનવા તરફ છે. અડધા કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા થિયેટરને ભાડા પેટે ફાળવવા ઉંચો દર નિયત કરાયા બાદ તેમાં સુધાર લાવવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. જ્યારે થિયેટરને લગ્નપ્રસંગે ભાડે આપવાની દરખાસ્ત સંદર્ભે લાંબા સમયના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો નથી.

શહેરના હાર્દસમા ઘ-૫ વિસ્તારમાં નિર્માણ કરાયેલા ઓપનએર થિયેટરનો ખર્ચ સરકારના માથે પડ્યો છે. તોતિંગ ખર્ચના અંતે પણ ઓપનએર થિયેટર લોકભોગ્ય બની શક્યું નથી. પાટનગર યોજના ભવનના જવાબદાર ડીવીઝન કક્ષાએથી પણ થિયેટરની દરકાર ન લેવાતા આ ઠેકાણે દુષણો પાંગર્યા હતા. ઓપનએર થિયેટરના નિર્માણનો હેતુ ન સરતા નગરજનોમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. ઓનપએર થિયેટરના ભાડાનો દર પણ ઉંચો નિયત થતા અગાઉ કકળાટ થયો હતો. ઉંચા ભાડાનો દર ઘટાડવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. બીજીતરફ થિયેટરને લગ્નપ્રસંગ નિમિત્તે ભાડે આપવાની મંજૂરી માટે પણ તંત્ર કક્ષાએથી વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આમ છતાં લાંબા સમયના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો નથી. જેના પરિણામે ત્રણ વર્ષ બાદ પણ થિયેટરનું ઉદ્‌ઘાટન પણ થઈ શક્યું નથી !! ઓપનએર થિયેટરના મામલે સરકારે લાખોનું પાણીઢોળ કર્યું છે આમ છતાં થિયેટર ડેડ હાલતમાં છે.

# દહેગામ તાલુકા સેવાસદનના બિલ્ડીંગનું ૭મીએ લોકાર્પણ

## ત્રણ મજલાના બિલ્ડીંગના નિર્માણ પાછળ ૬.૮૭ કરોડનો ખર્ચ વિવિધ ૧૨ કચેરીઓ બિલ્ડીંગમાં કાર્યરત થશે

ગાંધીનગર, તા.૧૮

દહેગામ ખાતે નવ નિર્મિત તાલુકા સેવા સદનના બિલ્ડીંગનું આગામી તા. ૭ સપ્ટેમ્બરે લોકાર્પણ કરવામાં આવશે. ૬૧૧૮ ચો.મી. વિસ્તારમાં નિર્માણ થયેલા ત્રણ મજલાના બિલ્ડીંગમાં વિવિધ ૧૨ કચેરીઓ કાર્યરત થશે. બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ. ૬.૮૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.



દહેગામ ખાતે તાલુકા સેવા સદનના બિલ્ડીંગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. તા. ૯ એપ્રિલ વર્ષ ૨૦૧૨ દરમિયાન આ બિલ્ડીંગનું કામ શરુ કરવામાં આવ્યું હતું જયારે એક વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે.

આ ઉપરાંત બિલ્ડીંગની વિવિધ કચેરીઓને કોર્પોરેટ લુક આપવા માટે ફર્નિચરનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. તાલુકા સેવા સદનના આ બિલ્ડીંગમાં દહેગામની સબરજીસ્ટ્રાર, સબ ટ્રેઝરી, મામલતદાર, સીટી સર્વે કૃષિ પંચ, ખેતીવાડી, પાણી પુરવઠા ફોરેસ્ટ, જન સેવા કેન્દ્ર સહીતની કચેરીઓ કાર્યરત થશે. આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર સાથે તૈયાર થયેલા ત્રણ મજલાના આ બિલ્ડીંગને અનુલક્ષી યોગ્ય પાર્કીંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. નવનિર્મિત દહેગામ તાલુકા સેવા સદનના બિલ્ડીંગનું કામ પૂર્ણ થયા બાદ હવે આગામી તા. ૭ સપ્ટેમ્બરે લોકાર્પણ વિધિ યોજવામાં આવશે. માર્ગ મકાન મંત્રી નીતિન પટેલના હસ્તે બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવશે.

# સેક્ટર-૨૧માં પાન પાર્લર માલિકનો હૃદયસ્પર્શી દેશપ્રેમ

## ધ્વજવંદન કરી ૪૦૦ કિલો જલેબીથી નાગરીકોનું મોં મીઠું કરાવ્યું : બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજયો

ગાંધીનગર, તા. ૧૮

સ્વાતંત્ર્ય દિવસની દેશભરમાં ઉજવણી થઈ રહી હતી ત્યારે ગાંધીનગરના સેક્ટર-૨૧માં આવેલા એક પાન પાર્લર માલિકે સ્વાતંત્ર્ય દિનની હૃદયસ્પર્શી ઉજવણી કરી દેશ પ્રેમ ઉજાગર કર્યો હતો. દેશ માટે શહીદી વ્હોરનાર શહાદતોને શ્રદ્ધાંજલિ અર્પીને ધ્વજવંદન કરાયું હતું. ગીત-સંગિત સાથે જલેબીથી નાગરીકોનું મોં મીઠું કરાવી દેશના આ મહત્વના દિવસની સાચા અર્થમાં ઉજવણી કરી દેશપ્રેમ દર્શાવ્યો હતો.

ગાંધીનગરના મુખ્ય ગણાતા સેક્ટર-૨૧ના શોપીંગ સેન્ટરમાં આવેલા



ઓમકાર પાન પાર્લરના માલિક ઓમકારસિંગ ઠાકોર છેલ્લા વીસ વર્ષથી દેશના આઝાદી પર્વની આગવી ઉજવણી કરે છે. દૈનિક આવકમાંથી દેશના આ પર્વ માટે અમુક બચત કરી દેશ માટે પોતાનો જાન ન્યોછાવર કરનાર શહીદોની યાદમાં શ્રધ્ધાંજલિ અને ધ્વજવંદન કાર્યક્રમ યોજે છે. ૧૫મી ઓગસ્ટના દિવસે સવારે પોતાના પાન પાર્લર આગળ જ સ્ટેજ બનાવી શહેરના અગ્રણીઓને આમંત્રિત કરી ધ્વજવંદન કરાયું હતું. બાદમાં મ્યુઝિકલ પાર્ટી બોલાવી દેશભક્તિના ગીતોની સુરાવલી શરૂ થઈ હતી. દરમ્યાન હાજર સૌ કોઈ વચ્ચે આશરે ૪૦૦ કિલો જેવી જલેબી વહેંચી મોં મીઠું કરી દેશની આઝાદીનો આનંદ વ્યક્ત કરાયો હતો. વીર શહાદતોને ગીત-સંગીત દ્વારા શ્રદ્ધાંજલિ આપી તેમના બલિદાનને યાદગાર બનાવવાનો તેમનો આ નાનકડો પ્રયાસ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

વધુમાં જરૂરિયાત મંદ દરદીઓ માટે ખાસ બ્લડ ડોનેશનનું આયોજન સાથેસાથે રખાયું હતું. જેમાં અમદાવાદ સીવીલથી ખાસ ટીમ પોતાની વાન લઈને આવી હતી. ઓમકારસિંગ ઠાકોરના આ હૃદયસ્પર્શી દેશપ્રેમથી સૌ કોઈ લાગણીસીલ બન્યા હતા અને દેશના દરેક નાગરીકોમાં દેશદાઝ ઉભી થાય તેવો સુર પણ આ સમયે વ્યક્ત થયો હતો. જો કે દેશપ્રેમની આ ઉજવણીને સૌ કોઈએ આવકારી એક સલામ દેશ કે નામ ના આ કાર્યક્રમને વખાણ્યો હતો.



પાટણમાં ગાંધીનગર ગાજ્યું - રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિન સમારોહ નિમિત્તે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ 'પાટણની પ્રભુતા'માં હેમચંદ્રાચાર્યની ભૂમિકા જાણીતા કવિ અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહાએ રજૂ કરી ત્યારે પાટણની પ્રભુતાનો સાક્ષાત્કાર અનુભવાયો હતો. આ ઉપરાંત ગાંધીનગરની કલાસંસ્થા પનઘટના કલાકારઓએ પરંપરાગત નૃત્ય રજૂ કરી સૌના મન મોહી લીધા હતા. આમ પાટણના દરબારમાં પણ ગાંધીનગરની સાંસ્કૃતિક ગુંજ ગાજી હતી.

# સે-૧માં ઘરમાં ઘુસીને ટોળકીએ વેપારી પર લાઠીઓ ઝીંકી

## નજીવી બાબતે ધિંગાણુ થતા ચકચાર : સામસામે મારામારીની ફરીયાદ







ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ખાતે આજે સવારે નજીવી બાબતે ધિંગાણુ થઈ ગયું હતું. સે. ૧માં રહેતા દવાના વેપારી સાથે બોલાચાલી બાદ મારઝુડ થતા સરગાસણનો યુવાન ગામમાંથી ૧૦ માણસોને લાકડીઓ સાથે લઈને આવી પહોંચ્યો હતો અને ઘરમાં ઘુસીને લાઠીઓ વિંઝી હતી. સામાન્ય બાબતે થયેલી ધમાલમાં ચારેક વ્યક્તિને ઈજાઓ પણ થવા પામી હતી. આ મામલે સામ-સામે પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં સાદા ઝાડાના ૨૦૦ કેસ છતાં તંત્ર 'સબ સલામત'ના દાવા કરે છે

## વરસાદી પાણીના નિકાલ પછી આ વિસ્તારમાં પાણીજન્ય રોગચાળાએ ભારે માથુ ઉંચકયું છે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર એવા કલોલ શહેરમાં છેલ્લા એક સપ્તાહથી સાદા ઝાડાના ૨૦૦ જેટલા કેસો નોંધાતા જિલ્લાના આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ પણ કલોલ તાલુકામાં નોંધાયો છે અને જે રીતે પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચકયું છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. એક તરફ ગાંધીનગર તાલુકાના સરહદી ગામ ખોરજ-ખોડિયાર પંથકમાંથી જે રીતે કોલેરાના છુટા છવાયા કેસો મળી રહ્યા છે તે અંગે હજુ તંત્ર કોઈ નકકર કામગીરી કરી શકયું નથી.

બીજી તરફ કલોલ શહેરમાં જે રીતે સાદા ઝાડાના કેસો નોંધાઈ રહ્યા છે તેણે આરોગ્ય તંત્ર માટે ઉંઘ હરામ કરી દીધી છે. તંત્ર એ આ વિસ્તારમાં સવારે લોક જાગૃતિ અભિયાન અને બપોરે ઓપીડી ચલાવવાનો નિર્ણય કર્યો છે.

જો કે કલોલ શહેરમાં સાદા ઝાડાના જે કેસો નોંધાઈ રહ્યા છે તે અંગે આરોગ્ય તંત્ર ચૂપકીદી સેવવાનું વધુ પસંદ કરે છે. તંત્રના સૂત્રો એવું

● અનુસંધાન પાન-૭ પર

# ગુડબાય આર.એસ. દેસાઈ વેલકમ ટુ એમ.ડી. ચૌહાણ

## એક જ સપ્તાહમાં બંને નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.એસ. દેસાઈની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. એક જ સપ્તાહના ટુંકાગાળામાં જિલ્લાના બંને નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલી થવા પામી છે.

શ્રી આર.એસ. દેસાઈને કચ્છમાં ભુજ પ્રાંત અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે જયારે ભુજ પ્રાંત અધિકારીશ્રી ચૌહાણની બદલી ગાંધીનગરના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે કરવામાં આવી છે. શ્રી ચૌહાણની બદલી સ્વવિનંતીથી કરવામાં આવી છે શ્રી ચૌહાણ અગાઉ ગાંધીનગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાના ડે. કલેકટર તરીકે સેવાઓ આપી ચુકયા છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે જ તેમની બદલી ભુજ પ્રાંત અધિકારી કરીકે થઈ હતી. શ્રી ચૌહાણ આ સપ્તાહમાં જ પોતાનો નવો હોદ્દો સંભાળશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતના બંને નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની એક જ સપ્તાહમાં બદલીઓ થતાં પંચાયતી વર્તુળોમાં તે ચર્ચાનો મુદ્દો

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૦, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com